# સ.પ. યુનિ. દ્વારા ફાર્મસી સંલગ્ન લાયબ્રેરી સબ્જેક્ટ પોર્ટલનું લોન્ચીંગ : રાજ્યની પ્રથમ યુનિવર્સિટી

આણંદ, તા. ૧૭

સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ફાર્માસ્યુટીકલ સાયન્સ વિભાગ દ્વારા ફાર્મસી શિક્ષણ અને ગ્રંથાલય પ્રવૃત્તિનો વ્યાપ વધારવાના હેતુથી ફાર્મસી સંલગ્ન લાયબ્રેરી સબ્જેક્ટ પોર્ટલની રચના કરવામાં આવી છે. આ લાયબ્રેરી સબ્જેક્ટ પોર્ટલ એ વડા ડૉ. દીપક કે. રાવલના માર્ગદર્શન હેઠળ ફાર્મસી વિભાગના ગ્રંથપાલ અલ્પેશ પરમાર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

આ લાયબ્રેરી સબ્જેક્ટ પોર્ટલ એ આજના ઈલેક્ટ્રીક યુગમાં વિદ્યાર્થીઓને અને સમગ્ર શિક્ષણ જગંત જયારે કોમ્પ્યુટર સંલગ્ન શિક્ષણના પર્યાયી બનેલ છે ત્યારે ઇ-ઈન્ફોર્મેશનના માધ્યમ સ્વરુપે સમગ્ર શિક્ષણ જગતને જ્ઞાન અને વિષયસંલગ્ન માહિતી પીરસવાનો અનોખો અભિગમ છે.

આ લાયબ્રેરી સબ્જેક્ટ પોર્ટલ એ ફાર્મસી વિષય સાથે સંકળાયેલ તમામ ઇ જર્નલ્સ, ઇ બુકસ, સબ્જેકટ ગેટવેઝ વગેરે માહિતી ઈન્કલોપીડીયા, ડીરેકટરી, મેપ્સ, બાયોગ્રાફી વગેરે અંગેની માહિતી તેમજ ફાર્મસી સંલગ્ન રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય એસો. સંલગ્ન અંગેની સંપૂર્ણ માહિતી તેમજ ફાર્મસી સંલગ્ન કંપનીઓની સંપૂર્ણ માહિતી તેમજ વિદ્યાર્થી પોતાની રોજગારી અને કેરીયર માટે ઉપલબ્ધની વડે તેવા રોજગારી સંલગ્ન માહિતી સ્ત્રોતની માહિતીનું સંયુકત મિશ્રણ કરીને ઓનલાઇન વેબ-ઈન્ફોર્મેશન તરીકે રજૂ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત આ દ્વારા વિશ્વના તમામ દેશોના અગ્રગણ્ય ઇ-ન્યુઝ પેપર સમાચારપત્રો પણ ઓનલાઇન નિહાળી શકાય છે.